ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬



'આરઝૂ'ના સેટ પર ડાયરેક્ટરના ખિસ્સા ખાલી થયા! Pg.2



કારકિર્દી ગમે એટલી સારી હોય, પહેલાં તો પરિવાર જ આવેઃ પ્રિટી ઝિન્ટા Pg.4

# સીરીયલ કિસરનો કિસ્સો ખતમ..
# ઇમરાનને હાશ[મી] થઇ

**અત્યાર સુધી તેની એક્ટિંગને બદલે તેના ઇંટીમેટ સીન અને લીપ લોકને કારણે ફિલ્મને સફળતા મળી જતી હતી પરંતુ હવે ઈમરાન પોતાની એક્ટિંગના દમ પણ આગળ વધવા માંગે છે**



બોલિવૂડમાં 'સીરીયલ કિસર' તરીકે જાણીતા ઈમરાન હાશમીના ફિલ્મમાંના બોલ્ડ રોમેન્ટિક સીન બહુચર્ચિત છે. તેની ઈમેજની સાથે 'સીરીયલ કિસર'નો ટેગ લગભગ પડછાયાની સાથે જ ચાલે છે. દર્શકો પણ એવા જ માઈન્ડ સેટ સાથે ફિલ્મ જુએ છે કે જો તે ઈમરાનની ફિલ્મ છે તો તેમાં એક કિસિંગ સીન તો હશે જ! પરંતુ, હવે ઈમરાનને તેની આ 'સીરીયલ કિસર'ની ઈમેજ તોડીને એક્ટિંગના જોર પર કારકિર્દી વધારવી છે.

બોલિવૂડમાં એવી કહેવત છે કે 'બદનામીમાં પણ નામ છે', લગભગ આવું જ કઈ ઈમરાન હાશમી સાથે અત્યાર સુધી બન્યું છે. કારકિર્દીની શરૂઆતથી જ ઈમરાનને જે કોઈ પણ ફિલ્મો કરી તેમાં તેણે 'લીપ લૉક સીન' આપ્યો છે. મર્ડર ફિલ્મમાં મલ્લિકા શેરાવત સાથે, મર્ડર -2માં જેક્લીંન સાથે, જન્નતમાં સોનલ ચૌહાણ સાથે, તુમ મિલેમાં સોહા અલી ખાન સાથે, ગેંગસ્ટરમાં કંગના રનૌત સાથે તેણે કિસિંગ સીન આપ્યો છે. વળી, રાઝ 3 માં એષા ગુપ્તા સાથે તેનો કિસિંગ સીન સૌથી લાંબો રહ્યો હતો અને જે ઘણો ચર્ચાસ્પદ બન્યો હતો. આમ, ઈમરાન એક્ટિંગને બદલે તેના કિસિંગ સીનને કારણે તે વધારે ચર્ચામાં રહ્યો છે. એક ઈન્ટરવ્યુમાં ઈમરાને જ કહ્યું હતું કે તેણે અત્યાર સુધી 28 એક્ટ્રેસીસ સાથે કિસિંગ સીન આપ્યો છે. આ રીતે, ઈમરાને કારકિર્દીની શરૂઆતમાં જ એક પછી એક ફિલ્મોમાં કિસિંગ સીન આપ્યા હોવાથી તેની 'સીરીયલ કિસર'ની ઈમેજ બની ગઈ અને આ ઈમેજ તેના માટે ફાયદાકારક પણ રહી. લોકો તેને એ સ્વરૂપમાં જોવા લાગ્યા અને તેને પસંદ પણ કરવા લાગ્યા. એવું નથી કે ઈમરાન સિવાય બીજા કોઈ એક્ટરે ફિલ્મમાં લીપ લોક સીન ન આપ્યો હોય. રણવીર સિંઘે બેફીકરે ફિલ્મમાં તો રણબીર કપૂરે યે જવાની હે દીવાની અને એનિમલ મુવીમાં કિસિંગ સીન અને ઈન્ટીમેટ બોલ્ડ સીન પણ આપ્યા છે. છતાં, સીરીયલ કિસરનો ટેગ ઈમરાન સિવાય કોઈ પણ એક્ટર પાસે ગયો નથી. વળી, તેના કારણે ઈમરાનની કારકિર્દીને વેગ પણ મળતો હતો એટલે શરૂઆતમાં ઈમરાન ને તેની આ ઈમેજથી કોઈ પ્રોબ્લેમ ન હતો પરંતુ, હવે ઈમરાનને તેની આ ઈમેજ બદલવી છે.

ઈમરાનને જ્યારે એક ઈન્ટરવ્યુમાં પૂછવામાં આવ્યું હતું કે શું તેની પત્ની પરવીનને તેના ઓન સ્ક્રીન કિસિંગ સીન આપવા સામે કોઈ વાંધો નથી હોતો? ત્યારે ઈમરાન સ્પષ્ટતા કરે છે કે, મારા પિતા અને પત્નીને હું સ્ક્રીન પર કિસિંગ સીન આપું કે બોલ્ડ રોમેન્ટિક સીન આપું તે પસંદ નથી. છતાં, તેઓ સમજે છે કે તેનાથી આમારું ઘર ચાલે છે.

મારી પત્ની સમજે છે કે મારો વ્યવસાય કેવો છે? સમય સાથે તે પણ પ્રોફેશનાલિઝમને સમજવા લાગી છે. ઓન સ્ક્રીન કિસિંગ સીન આપવાનું મને પણ એટલુ પસંદ નથી છતાં જ્યારે પણ હું તેમ કરું છું ત્યારે વળતરરૂપે મારી પત્નીને લક્ઝુરીયસ હેન્ડ બેગ ભેટમાં આપું છું. પરંતુ, ત્યારબાદ હેન્ડ બેગ ખરીદવાનું પણ મોંઘુ પાડવા લાગ્યું. ઈમરાન સમજે છે કે ઓડીયન્સ તેની ફિલ્મમાં કિસિંગ સીન હશે જ એવી અપેક્ષાથી દર્શકો તે જોવા આવે છે. એટલે એક રીતે દર્શકોને ખુશ રાખવા તેના કામનો હિસ્સો છે. તે આ વિષે વધુમાં કહે છે, દરેક એક્ટર વિષે આવી કોઈને કોઈ બાબત જોડાયેલી હોય છે. જેમકે સલમાન ખાન ફિલ્મમાં શર્ટ ન ઉતારે તો દર્શકોને મજા આવતી નથી. હું દર્શકોને જે જોઈએ છે તે ન આપું તો તેઓ નિરાશ થાય છે. એક વાર મારા એક ચાહક કે જે મારી એવી ફિલ્મ જોઈને આવ્યો હતો જેમાં મેં કિસિંગ સીન આપ્યો ન હતો, તેણે કમેન્ટ કરી હતી કે ઈમરાન હાશમી ફિલ્મમાં બીમાર થઈ ગયો હતો કે શું? આ સમયે દર્શકો ફિલ્મથી નિરાશ થાય છે.




જોકે હવે ઈમરાન ઘણા સમય પછી ફરી તેની નવી ફિલ્મ 'આવારાપન 2 ' સાથે આવ્યો પરંતુ, આ ફિલ્મમાં લીપ લૉક સીન એક પણ નથી. ફિલ્મના રાઈટર બીલાલ સિદ્દીકીના જણાવ્યા પ્રમાણે, ફિલ્મની વાર્તા પ્રમાણે ઈમરાનનું પાત્ર કિસિંગમાં ઈન્વોલ્વ થઈ શકે તેમ નથી. આમ, આવારાપન 2 માં ઈમરાનનો એક પણ કિસિંગ સીન નથી. એક રીતે ઈમરાન પણ હવે તેની ઈમેજ બદલવા માંગે છે. અત્યાર સુધી તેની એક્ટિંગને બદલે તેના ઈંટીમેટ સીન અને લીપ લૉકને કારણે ફિલ્મને સફળતા મળી જતી હતી પરંતુ હવે ઈમરાન પોતાની એક્ટિંગના દમ પણ આગળ વધવા માંગે છે. આ માટે કારણ તરીકે ઈમરાન જણાવે છે કે, એક તો તેના પરિવાર અને તેની પત્ની ને તે ઓનસ્ક્રીન કિસિંગ સીન કે ઈંટીમેટ સીન આપે તે પસંદ નથી અને વળી હવે તેનો દીકરો પણ મોટો થાય છે. એટલે હવે તે સમજી વિચારીને ફિલ્મની પસંદગી કરવા માંગે છે. અહીં એક વાત નોંધનીય છે કે ઈમરાનના દીકરાને કેન્સર થયું હતું અને તેની ટ્રીટમેન્ટ કરાવ્યા બાદ અને તેની તબિયત સારી થયા બાદ ઘણા લાંબા સમય પછી ઈમરાન ફિલ્મ આવારાપન 2 દ્વારા પાછો ફર્યો છે. આમ, હવે તે પોતાની ઈમેજ બદલવા પર ધ્યાન આપી રહ્યો છે.

હવે જ્યારે ઈમરાન પોતાની 'સીરીયલ કિસર'ની ઈમેજ બ્રેક કરવા માંગે છે ત્યારે તેણે એક વાતનું ચોક્કસ ધ્યાન રાખવું પડશે કે અત્યાર સુધી તેણે જે પણ એક્ટ્રેસિસને ઓનસ્ક્રીન કિસ કરી તેઓ નવોદિત હતી એટલે તેઓ પણ સફળતા મેળવવા સમાધાન કરવા તૈયાર થતી હતી અને વળી ઈમરાનની ગણના પણ કઈ ટોપ એક્ટર્સમાં થતી ન હતી.

પરંતુ, હવે ઈમરાન 40+ ની ઉંમરનો થયો છે અને તેણે તેની રોમેન્ટિક બોયની ઈમેજમાંથી બહાર આવવા પોતાની એક્ટિંગ અને પોતાની ફિટનેસ પર કામ કરવું પડશે અને, આવારાપન 2 ફિલ્મ દ્વારા ઈમરાન લાગે છે કે પોતાને સાબિત કરવામાં મહદઅંશે સફળ રહ્યો છે. આ ફિલ્મમાં પહેલી વાર તેની એક્ટિંગના વખાણ થયા છે, તેની એક્શાન સિક્વન્સ જોઈને દર્શકો ખુશ થયા છે. આમ, આવારાપન 2 ઈમરાન માટે ઘણી ફાયદાકારક તો રહી જ છે. પરંતુ, હવે તે જોવાનું કે ભવિષ્યમાં ઈમરાન તેની આ નવી ઈમેજ સાથે કારકિર્દીમાં કેટલો આગળ વધી શકે છે? •

## બોડીશેમીંગનો શિકાર બની કેટરીના

ઘણા સમયથી લાઈમલાઈટથી દૂર રહેલી કેટરીના કેફને હાલમાં કુકુ કોહલીની અંતિમવિધિના સમયે જોવામાં આવી હતી અને બાળકના જન્મ પછી તેનું વધેલું વજન જોઈને ઘણા લોકોએ સોશિયલ મીડિયા પર તેને ટ્રોલ કરી છે.

લગ્ન અને ત્યાર બાદ માતૃત્વ પછી કેટરીના કેમેરાથી લગભગ દૂર જ રહી છે. તે ભાગ્યે જ લાઈમ લાઈટમાં આવી છે. એટલે હાલમાં જ્યારે તેને વીકી કૌશલ સાથે કુકુ કોહલીની અંતિમવિધિ વખતે જોવામાં આવી ત્યારે તેનું બદલાયેલું રૂપ જોઈને ઘણા લોકોને આશ્ચર્ય થયું. તેનું વધેલું વજન જોઈને કેટલાક લોકોએ તેને સોશિયલ મીડિયા પર ટ્રોલ પણ કરી. કેટરીના પર થયેલી બોડી શેમીંગને લગતી કોમેન્ટ્સ જોઈને ખુદા હાફીઝની એક્ટ્રેસ શીવાલિકા ઓબેરોઈ કેટરીનાના સપોર્ટમાં આવી છે અને તેણે સોશિયલ મીડિયા પર લોકોની કોમેન્ટ્સ પર સવાલ ઉઠાવ્યો છે કે, આ શું ચાલી રહ્યું છે? આવી રીતે બોડી શેમીંગ કરવાનો શો મતલબ છે? આ માતૃત્વ છે! માતૃત્વ પછી શારીરિક - માનસિક રીકવરી આવતા વાર લાગે છે. વજન વધવું, પેટ ફૂલવું, હતાશ થવું, થાક લાગવો. આ બધું સામાન્ય છે. તે દરેકને થાય છે. છેલ્લા ઘણા સમયથી કેટરીના વિષેની બોડીશેમીંગને લગતી લોકોની પોસ્ટ જોઈને મને થયું કે મારે બોલવું જ જોઈએ. લોકોની વિચારસરણી કેટલી સંકુચિત છે! કેટરીના અને વિકીના ઘરે નવેમ્બર 2025 માં પારણું બંધાયું અને તેમણે તેમના દીકરા વિહાનનું સ્વાગત કર્યું. સોશિયલ મીડિયા પર કેટરીનાનો દેખાવ જોઈને કેટલાક લોકોએ તેના દેખાવ વિષે સવાલ ઉઠાવ્યો અને કમેન્ટ કરી કે, મોટી હો ગઈ હે, તો બીજા એકે કમેન્ટ કરી કે, 'બીમાર છે?', તો બીજા એક સોશિયલ મીડિયા યુઝરે લખ્યું કે, ઓલ્ડ વુમન.

કેટરીનાએ હાલમાં ફિલ્મોથી બ્રેક લીધો છે અને તે માતૃત્વ પર ધ્યાન આપી રહી છે. તેની છેલ્લી ફિલ્મ મેરી ક્રિસમસ હતી કે જેમાં તેની સાથે વિજય સેતુપથી મુખ્ય ભૂમિકામાં હતો. •



બોલિવ્લોગ વિથ પૅપ

## શાલીનીનો AI જનરેટેડ વીડિયો વાઈરલ

હાલમાં, એક્ટ્રેસ શાલીની પાંડેનો AI જનરેટેડ વીડિયો વાઈરલ થયો છે કે જે વીડિયો સંપૂર્ણ રીતે નકલી છે અને તેમાં અભદ્ર રીતે તેને દર્શાવવામાં આવી છે. બોલિવૂડમાં અન્ય એક્ટ્રેસીસની જેમ શાલીનીએ ટેકનોલોજીના દુરુપયોગ સામે અવાજ ઉઠાવ્યો છે. શાલીનીએ સોશિયલ મીડિયા પર આ ઘટના વિષે સ્પષ્ટતા કરતા કહ્યું છે કે આ વીડિયોમાં તે નથી અને ચાહકો અને ફોલોઅર્સને બનાવટી સામગ્રી શેર કરવા અને ફોરવર્ડ કરવાથી દૂર રહેવાની તેને વિનંતી કરી છે. આ એડિટ કરાયેલો વીડિયો છે જેના કારણે તે વીડિયોની સત્યતા વિષે ઓનલાઈન પ્રશ્નો ઊભા થયા છે. ત્યાર બાદ શાલીનીએ પુષ્ટિ કરી છે કે તે વીડિયો નકલી છે અને તેના વ્યક્તિત્વ પર સવાલ ઊભો કરવા માટે તેનો ઉપયોગ કરાયેલો છે. શાલીની જણાવે છે કે, હું મારા એક નકલી, AI જનરેટેડ વીડિયોનો ઉલ્લેખ કરવા માંગું છું જે હાલમાં ઓનલાઈન વાઈરલ થયો છે. આ વીડિયો સંપૂર્ણપણે બનાવટી છે અને તેમાં દેખાતી વ્યક્તિ હું નથી. કેટલાક લોકો ખાસ કરીને મહિલાઓને નુકસાન પહોંચાડવા માટે ટેકનોલોજીનો દુરુપયોગ કરીને તેમને નિશાન બનાવે છે. આ ઘણી દુઃખદ બાબત છે. હું આ પ્રકારના દુરુપયોગની સખત નિંદા કરું છું અને આ વીડિયો જોનારાઓને નમ્ર અપીલ કરું છું કે તેઓ આ વીડિયો વધુ પ્રસારિત કરવાને બદલે વપરાશકર્તાઓને તેની જાણ કરે. હું દરેકને વિનંતી કરું છું કે જવાબદાર અને સચેત બનો.

આ ઘટના સેલિબ્રિટીઓના ફોટોઝ અને તેમના વીડિયોને એડિટ કરીને તેનો દુરુપયોગ કરવા સામે વાંધો ઉઠાવે છે. ખાસ કરીને મહિલા સેલિબ્રિટીઓ સાથે આવી ઘટના અગાઉ પણ બની ચુકી છે. આવી ઘટનાને સામાન્ય માનીને બેસી રહેવાની ભૂલ કરવી જોઈએ નહીં. તેની સામે કડક પગલા લેવા જોઈએ જેથી આવા બનાવ વારંવાર બનતા અટકાવી શકાય. •



## 56ની ઉંમરે પણ લોકપ્રિય માધવન

R માધવન ભલે 56 વર્ષનો થઈ ગયો પરંતુ, તેની લોકપ્રિયતામાં ઓટ આવી નથી. આ એક્ટર અને ફિલ્મ નિર્માતા કે જેણે કારકિર્દીની શરૂઆતથી જ ચાહકોના દિલ પર રાજ કર્યું છે તે જ્યારે પોતના ફીટ શરીરને દર્શાવતા ફોટા શેર કરે ત્યારે તે હેડલાઈન્સ બને છે.

માધવનની ફિટનેસ સફર રસપ્રદ છે કારણ કે તે ફિટનેસ માટે કોઈ ચોક્કસ રૂટીન કે ટ્રેનીંગ કરતો નથી. તે જણાવે છે કે તેની ફિટનેસ માટે તેની અનુશાસિત લાઈફસ્ટાઈલ છે. તે ફિટનેસ માટે મેડીટેશન કરતો નથી કે કોઈ દવાઓ લેતો નથી. તે ફક્ત હેલ્ધી અને અનુશાસિત લાઈફસ્ટાઈલ અનુસરે છે. 'રેહના હે તેરે દિલ મેં'થી લોકપ્રિય બનેલો માધવન જ્યારે પણ તેનું ફીઝીક દર્શાવતા ફોટા સોશિયલ મીડિયા પર શેર કરે છે ત્યારે લાઈક્સની ભરમાર થાય છે. છતાંમાધવનને હજી સમજ પડતી નથી કે તેની આટલી બધી લોકપ્રિયતા શા માટે છે? તે જણાવે છે કે, મારી લોકપ્રિયતા જોઈને મને અજુગતું લાગે છે. મને ખબર છે કે હ્રિતિક ગ્રીક ગોડ સમાન છે અને તેની સરખામણીએ હું એટલો હેન્ડસમ અને આકર્ષક પણ નથી. છતાં પણ લોકો હજી પણ મને ચાહે છે તે વાતની મને નવાઈ લાગે છે. તેણે જ્યારે સોશિયલ મીડિયા પર શર્ટલેસ ફોટો મુક્યો ત્યારે ઘણાએ લાઈક્સ અને કમેન્ટ કરી, તેમાય ખાસ કરીને સ્ત્રીઓમાં તેની લોકપ્રિયતા વધારે છે. મારી પત્નીએ કહ્યું કે શું તું ઉંમર પ્રમાણે ન વર્તી શકે? અને આવા ફોટોઝ સોશિયલ મીડિયા પર પોસ્ટ ન કરીશ. સાચું કહું તો મને સમજ પડતી નથી. પરંતુ, મને કુદરતી રીતે જે મળ્યું છે તેમાં ખામી કાઢવી નથી, તેનો હું સ્વીકાર કરું છું અને જે મારી પાસે છે તેને એન્જોય કરવા માંગું છું. હવે આવી પોસ્ટ મેં શા માટે મૂકી તેની મને પોતાને પણ સમજ પડતી નથી. કદાચ હું જાણવા માંગું છું એક હજી પણ હું પહેલાના જેવી અપીલ ધરવું છું કે પછી લોકોની નજરથી દૂર રહેવાને કારણે મારી લોકપ્રિયતા ઓછી થઈ ગઈ છે? જોકે, કારણ ગમે તે હોય પણ માધવનના ચાહકોમાં અને તેની લોકપ્રિયતામાં કોઈ કમી આવી નથી એ વાત તો ચોક્કસ છે! •

